# વાતની પણ એક વાત હોય છે.

વર્ષા અડાલજા

'પરબ'ના ઑગસ્ટના અંકમાં પ્રગટ થયેલો મારો લેખ 'માણસજાતનાં મૂળ અને આંબો' ઘણાં વાચકોને ગમ્યો. ફોન અને પત્રો મળ્યા. માધવ રામાનુજે પુસ્તકની શોધ આરંભી. કોઈએ તો એમની જ્ઞાતિના સંશોધિત ઇતિહાસ – કુળ અને મૂળ–નો મોટ્ટો ચોપડો જ મોકલી આપ્યો.

એ લેખમાં મેં Roots નવલકથા વિષે લખ્યું હતું. તેની ગણના વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓમાં થાય છે. મારી એ પ્રિય કૃતિ મેં જેમને જેમને વાંચવા આપી તેમને ખૂબ ગમી, ઘણાએ ખરીદી લીધી.

કમ્પ્યૂટરમાં ગૂગલ પર Roots લખતાં, ખૂલ જા સિમસિમની જેમ આખો ખજાનો ખૂલી ગયો.

૧૯૭૬માં પ્રગટ થયેલી આ આત્મકથનાત્મક નવલકથાએ અમેરિકામાં ધૂમ મચાવી. એના પરથી ટી.વી. સિરીઝ બની તેને લાખ્ખો લોકોએ જોઈ. મારી પુત્રી શિવાનીએ એ અરસામાં મને પુસ્તક અને વિડિયો કૅસેટ્સ ઑસ્ટ્રેલિયાથી મોકલેલાં. (દર્શકને કૅસેટ્સ જોવાની બહુ ઇચ્છા હતી પણ તેને ફંગસ લાગી ગયેલું. હવે ડીવીડી રૂપે મળે છે.)

Rootsને પ્રગટ થતાં સાડાચાર સ્ટારનું રેટિંગ મળેલું, ૪૧૫૨૯ મત અને ૧૩૧૨ અવલોકનો લખાયાં હતાં. ૧૨ કલાકની ટી.વી. સિરીઝ હતી. અમેરિકાનાં આફ્રો-અમેરિકન નાગરિકોને થયું, આખરે અમારી વીતકકથાની આખી દુનિયાએ નોંધ લીધી અને અમેરિકાએ આચરેલા અત્યાચારો અને ક્રૂર ગુલામીપ્રથાની વાત ફરીથી દુનિયા સામે પ્રકાશમાં આવી.

Rootsની સાઇટ પર ટી.વી. સિરીઝનાં થોડાં વિડિયો ક્લિપિંગ્સ પણ મુકાયાં છે અને આપણે હાડોહાડ થથરી ઊઠીએ એવું અદ્‌ભુત તેનું ફિલ્માંકન છે. સાથે સાથે ગુલામીની કથા-વ્યથા કહેતી બીજી ફિલ્મોની યાદી અને તેનાંય દશ્યો છે. બીજાં પુસ્તકોનાં નામની યાદી પણ છે. ઘણી વિગતો છે અને આ લખું છું તે દિન સુધી એ સાઇટ જોનારા અને કમેન્ટ્સ કરનારા અનેક લોકો છે.

Roots પછી લેખક એલેક્સના અનેક જગ્યાએ ટૉક શોઝ થયા, ઇન્ટરવ્યૂઝ થયા. તેનો એક ટી.વી. ઇન્ટરવ્યૂ પણ સાઇટ પર છે.

વાતની વાત હવે છે.

અમેરિકાસ્થિત મારા મિત્ર હરીશ ત્રિવેદી સાથે વાત થતાં એમણે પણ મારો Roots

વિષેનો નાનો લેખ ગમ્યાની વાત કરી. થોડા દિવસ પછી એમનો ઈ-મેઈલ આવ્યો, Roots સરસ નવલકથા છે. પ્રગટ થતાં એને અપાર સફળતા મળી પછી વિગત બહાર આવી કે આખો કિસ્સો ઉઠાંતરીનો છે અને બીજાનાં સંશોધનને આધારે Roots લખાઈ છે. પ્લેગરિઝમનો કોર્ટમાં કેસ પણ થયો હતો.

હું તો દંગ રહી ગઈ.

મેં જેને માટે લખ્યું, અનેક લોકોએ વાંચ્યું, ઉત્તમ પુસ્તકોમાંનાં એક તરીકેની ગણનામાં સામેલ થયા તેમને મારે પૂરી વાત કરવી પડે. એટલે હરીશ ત્રિવેદીની બે લીટીની માહિતી પછી મેં Rootsની સાઇટ ખોલી અને પટારામાંથી તો કંઈ કેટલું નીકળી પડ્યું !

ઘણાં ઇતિહાસકારો માને છે કે Roots એક સરસ રીતે લખાયેલું fiction છે અને આફ્રિકન – અમેરિકન લિટરેચરની એન્થોલોજીની યાદીમાંથી આ નવલકથાને બાકાત કરવામાં આવી છે. આફ્રિકાનાં ઊંડા ઘેઘૂર જંગલમાં પોતાનું પૂર્વજોનું એ જ ગામ મળી જાય, રડ્યોખડ્યો એક-બે જ ભાષાવિદ મળે, તે એ સમયની ભાષા સમજી શકે, જેમાં કુંતા કીન્ટે લોખંડની સાંકળથી પાટિયે બાંધી લઈ જવાયો એ જ સ્ટીમરની માહિતી મળે – આ બધું સંભવ જ નથી. "The man lied to sell his book."

કેટકેટલી કોમેન્ટ્સની હારમાળા સાઇટ્સ પર છે ! અને હજી પણ ડીબેટ ચાલતી જ રહે છે. ઘણાં આફ્રો-અમેરિકનો માને છે કલ્પના તો કલ્પના, ગુલામી પ્રથા શું નહોતી ? અમેરિકનોએ જંગાલિયતભર્યાં કૃત્યો શું નથી કર્યાં ? લેખક આત્મકથનાત્મક રૂપે મૂકે તો જ આ અભિમાની દંભી ગોરાઓ અને દુનિયા આખી અમારી વાત ધ્યાનથી સાંભળે.

કોર્ટમાં પ્લેગરિઝમનો કેસ થયો, Harold Courlanderના "The African" પુસ્તકમાંથી ૮૧ ફકરા ઉઠાવ્યાની કબૂલાત કરી કોર્ટની બહાર એલેક્સે સમાધાન કર્યું.

બાર બાર વર્ષ સુધી હજારો ડૉલર્સ, 'રીડર્સ ડાયજેસ્ટ' જેવા માતબર મૅગેઝિને આપ્યા, પુસ્તકની લાખો કોપી વેચાઈ – હજી વેચાય છે – ટી.વી. સિરીઝ અત્યંત લોકપ્રિય બની, દુનિયાભરમાં વેચાઈ ત્યાં સુધી કોઈને શું ખબર જ નહીં પડી હોય ?

પ્લેગરિઝમની ઘટના પછીયે નવલકથા એટલી જ લોકપ્રિય છે, અને એટલી જ વેંચાય છે.

આઈ રેસ્ટ માય કેસ.

બધી વાત બાજુ પર મૂકીને નવલકથાની એક ચક્ષુઉઘાડ કૃતિ તરીકે ગણના કરી શકાય ? માણી શકાય ? તમે શું માનો છો ?

૧૯૭૧માં ધીરુબહેન પટેલના તંત્રીપદે પ્રગટ થતા 'સુધા' સામયિકમાં મારી નવલકથા 'મારે પણ એક ઘર હોય' પ્રગટ થઈ. ખૂબ લોકપ્રિય થઈ. ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મળ્યું. મારી કારકિર્દીનું પહેલું જ ઇનામ.

ફિલ્મોમાં પીઆર વર્ક કરતાં તારકનાથ ગાંધીએ એક મરાઠી નાટકનું ગુજરાતી ભાષાંતર કરાવ્યું અને નાટ્યપ્રયોગના બે જ દિવસ પહેલાં અખબારોમાં ઉપરાઉપરી જાહેરાતો કરી, નાટકનું નામ ''મારે પણ એક ઘર હોય.'' મેં ગાંધીને ફોન કર્યો, 'આ તો છેતરપિંડી અને કૉપીરાઇટનો ભંગ છે. પ્રેક્ષકો નાટકને મારું લખેલું માની લે.' એમણે તોરથી કહ્યું, 'મને ગમ્યું ને મેં લઈ લીધું.' મેં કહ્યું, 'જુઓ, હું કાઠિયાવાડની છું. અમારી બાજુ કહેવત છે દીકરીનાં માગાં હોય, વહુનાં ન હોય.'

આખરે મેં કેસ કર્યો. સેશન્સ કોર્ટે કહ્યું, 'આ શબ્દોનો સમૂહ છે, કોઈ પણ વાપરી શકે. હું હાઈકોર્ટમાં ગઈ. વેકેશન કોર્ટના જજે મારી તરફેણમાં ચુકાદો આપ્યો, શીર્ષક ભલે શબ્દોનો સમૂહ છે પણ એની સાથે લેખકની આઇડેન્ટિટી જોડાયેલી છે (હું લેખક છું એવી એફિડેવિટ પર બે લેખકોની સહી રજૂ કરેલી.) નાટકનું નામ બદલી નાંખો અને જાxખમાં લખો, કોર્ટના ઑર્ડરથી નામ બદલ્યું છે અને લેખિકાની માફી માગું છું.' નિર્માતાઓ ખસી ગયા, ગાંધીનું નાટક ત્રણ શોમાં બંધ થઈ ગયું.

મુંબઈમાં ગુજરાતી નાટકોને કવિની રજા વિના તેમની કાવ્યપંક્તિઓનાં શીર્ષક આપી દેવાતાં હતાં તે થોડાં વર્ષ આપોઆપ બંધ થઈ ગયું.

ગુજરાતી સાહિત્યજગતની આ નાનકડી-શી ઘટના શી રીતે હિન્દીની પ્રસિદ્ધ લેખિકા કૃષ્ણા સોબતી પાસે પહોંચી અને એક દિવસ મને તેમનો પત્ર આવ્યો.

અમૃતા પ્રીતમ અને તેમની વચ્ચે રસાકસી ચાલતી હતી. એકના પુસ્તકનું નામ ''સફરનામા'' અને અમૃતાનાં પુસ્તકનું નામ ''જિંદગી કા સફરનામા.'' કૃષ્ણા સોબતીએ શીર્ષક માટે અમૃતા પર કેસ કરેલો અને મારા વકીલ પાસેથી તેમને માર્ગદર્શન જોઈતું હતું. મેં મારા વકીલ-મિત્ર ગિરીશ દેસાઈ પાસે પત્ર લખાવી મોકલ્યો હતો.

પછી શું થયું તે ખબર ન પડી. એકાદ વાર મેં પૃચ્છા કરતો પત્ર લખેલો એવું સ્મરણ છે.

વર્ષો વીત્યાં. વાત વિસરાઈ ગઈ. અચાનક ગયે વર્ષે એક અંગ્રેજી અખબારમાં અંદરના પાને ખૂણામાં સાવ નાના સમાચાર હતા : અમૃતા – કૃષ્ણા સોબતી વચ્ચે પચ્ચીસ વર્ષ કોર્ટકેસ ચાલ્યો, તેનું જજમેન્ટ હતું. નિરાંતે વાંચીશ. પછી કૉપીરાઇટ પર થોડું વાંચી એક લેખ લખીશ એમ વિચારી કાપલી સાચવી રાખેલી તે અત્યારે કેમેય જડતી નથી. (હમણાં અમૃતા પ્રીતમનું નામ રોજ અખબારોમાં ચમકે છે, જુદા સંદર્ભમાં; અમૃતાનાં પુત્રની તાજેતરમાં જ મુંબઈમાં હત્યા થઈ છે.)

કૉપીરાઇટ વિશે ઘણાં લેખકોને જુદા જુદા અનુભવ થયા હશે. કૉપીરાઇટ ઍક્ટ અને એને આનુષંગિક અનુભવો – કેસીસનું સંકલન જો કોઈ કરે તો સર્જકોને કાયદાકીય માર્ગદર્શન સાથે એમની ગૂંચનો ઉકેલ પણ કદાચ મળે. એટલું તો ચોક્કસ, પુસ્તક જરૂર રસપ્રદ બને.